જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૭/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૪૮૪/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૩૦ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૨૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૮૫/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૮૬/૧૭</u>

**નવરંગપુરાઃ** પ્રિયંકાબહેન વા\ઓ રાહુલભાઈ શાહ (રહે. બાણગંગા સોસાયટી ભાવસાર હોસ્ટેલની પાછળ નવા વાડજ) એ તા.૨૦/૭/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૭/૧૭ બપોરના ૪/૦૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યા પુરૂષેમોબાઈલ નંબર ૭૨૮૧૦૯૨૫૦૯ ઉપરથી પ્રિયંકાબહેનના ફોન ઉપર ફોન કરીજણાવેલ કે હું દેના બેંક રીઝનલ ઓફીસથી રવિ કુમાર બોલુ છુ તમારૂ એટી.એમ.કાર્ડ એક્ટીવેટ કરાવવા માટે માહીતી આપુ છુ તેમ કહી પ્રિયંકાબહેનના એટી.એમ.નો OTP નંબર માંગી પ્રિયંકાબહેનના ખાતામાથી વારાફરતી રૂપિયા ડેબીટ કરી સદર રૂપિયા ૯,૯૯૯/- ઓલા કેપ્સ ડોટ કોમ,તથા પેયુ મની વોલેટમાં રૂપિયા૩૯,૦૦૦/- તથા ઓકેશીજન વોલીટ રૂપિયા ૪,૦૦૦/- અને આઈડીયામા રૂપિયા ૫,૦૦૦/- તથા ક્રેડીટ કાર્ડ એવન્યુમા રૂપિયા ૧,૩૯,૯૯૭/- ડેબીટ કરી કુલ રૂપિયા ૧,૯૭,૯૯૬/- તેના ખાતામા ટ્રાંન્સફર કરી પ્રિયંકાબહેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૮૭/૧૭</u>

**નારણપુરાઃ** ભુપેન્દ્રભાઇ મનસુખલાલ બોયદરા (રહે.રાજમુગટ સોસાયટી વિશ્વેશ ટાવર સામે) એ તા.૨૦/૭/૧૭ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા૫/૭/૧૭ રાતના ૧૨/૦૦ થી તા.૧૯૭/૧૭ રાતના૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં એ.સી.કાઢી એ.સી.વાળી જગ્યાએથી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એ.મકવાણા ચલાવે છે.

લુંટની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૪૮૮/૧૭

**વાડજઃ** ભરતભાઈ સ/ઓ વિશ્રામભાઈ કોષ્ટી (ઉ.વ.૫૦) (રહે. નવનિર્માણ નગર પ્રગતિનગર પાસે નારણપુરા) તા.૨૦/૭/૧૭ રાતના સમયે મુસાફર તરીકે ત્રણ અજાણ્યા પુરૂષ ભરતભાઈની રિક્ષામાં બેઠા હતા દરમ્યાન રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે નવાવાડજ મહાકાળી હાર્ડવેર અંકિતા ભાજીપાઉની ગલીમાં આવી ભરતભાઈને ગડદાપાટુનો માર મારી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૮૦૦/- અને રોકડ રૂપિયા ૪૫૦/- કાઢી લઈ ભરતભાઈની રિક્ષા જીજે ૧ બીટી ૩૦૧૧ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભરતભાઈ કોષ્ટીએ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ. શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૪૮૯/૧૭

**નવરંગપુરાઃ** જૈમીનભાઇ ભગવાનભાઇ શાહ (ઉ.વ.૪૭) (રહે. નાથાલાલ કોલોની સરદારા પટેલ કોલોની પાસે સ્ટેડીયમ રોડ, નારણપુરા) તા.૧૯/૭/૧૭ રાતના ૧૧/૫૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સ્ટેડીયમ રોડ જે.કે.ક્લાસીસ પહેલા એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ નજીકથી પત્ની સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના એક્ટીવા નંબર-૧૬૨૫ ઉપર આવેલ બે પુરૂષ જૈમીનભાઈના પત્નીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જૈમીનભાઈ શાહે નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.ડાંગર ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૪૯૦/૧૭

**અમરાઇવાડીઃ** ગજેન્દ્ર ઉર્ફે કુકી જલેબસીગ યાદવ (ઉ.વ.૨૭) (રહે.મીઠાશેઠની ચાલી અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૦/૭/૧૭ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના હાથ ઉપર બ્લેડ મારી ઈજાઓ કરી હતી ત્યારબાદ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોમજીભાઈ લાલુભાઈ ચલાવે છે.

**ગોમતીપુરઃ** રાજુભાઇ ખોડીદાસ મકવાણા (ઉ.વ.૨૬) (રહે. શેઠ કોઠાવાળા વોરાની ચાલી ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૯/૭/૧૭ સાંજના ૭/૪૦ વાગ્યાના સુમારે ગોમતીપુર ગજરા કોલોની માતૃછાયા સ્કુલ ની બાજુમાં સરકારી સંડાસમાં લોખંડના દરવાજોળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બાબુભાઇ સાજાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.